| | |
|---|---|
| શીર્ષક: | આર્થિક સહાય પૉલીસી (#**111**) |
| સ્કોપ: | **Warren** કેમ્પસ |
| મૅન્યુઅલ: | પ્રશાસકીય (એડમિનિસ્ટ્રેટિવ) પૉલીસી |
| શરૂઆતની તારીખ: | **2/1/2012** |
| પુનરાવલોકનની તારીખો: | **10/2012, 04/1/2014, 5/11/2016, 6/2016, 8/2017, 1/29/2019, 3/19/2020** |
| સમીક્ષાની તારીખો: | **7/1/2017, 8/2017, 1/29/2019, 3/19/2020** |

---

**I.** હેતુ:

સેંટ લ્યૂક્સ યુનિવર્સિટી હેલ્થ નેટવર્ક (St. Luke's University Health Network - Warren Campus)- Warren કેમ્પસ આપણા સમુદાયને ઉચ્ચત્તમ ગુણવત્તાની સ્વાસ્થ્ય કાળજી પૂરી પાડવા માટે પ્રતિબદ્ધ છે. સેંટ લ્યૂક્સ યુનિવર્સિટી હેલ્થ નેટવર્ક - Warren કેમ્પસ સેવામાં શ્રેષ્ઠતા સુધી પહોંચવાની એક એવી પૉલીસી પ્રત્યે પ્રતિબદ્ધ છે જે દર્દીની અપેક્ષાઓને પહોંચી વળવા અથવા તેનાથી પણ વધુ આપવા માટે અથાક રીતે કાર્યરત છે. કોઈપણ જાતના સામાજીક, સાંસ્કૃતિક, આર્થિક, ધાર્મિક, જાતિય, લિંગ અથવા જાતિય અભિમુખતાના પરિબળોના ભેદભાવ વિના બધાં જ દર્દીઓ સમાન ધોરણે અમારી તમામ સુવિધાઓ પર સંભાળ મેળવશે. સેંટ લ્યૂક્સ યુનિવર્સિટી હેલ્થ નેટવર્ક - Warren કેમ્પસ દર્દીની નાણાં ચુકવણીની ક્ષમતાને ધ્યાનમાં લીધા વિના બધાં જ દર્દીઓને આવશ્યક કટોકટીની અને બીજી તબીબી રીતે જરૂરી સ્વાસ્થ્ય સંભાળની સેવાઓ મળી રહે તેવું સુનિશ્ચિત કરવા માટે અથાક રીતે કાર્યરત છે.

પૉલીસી:

આ આર્થિક સહાય પૉલીસી/ફાઈનૅન્શલ આસિસ્ટન્સ પૉલીસી ("FAP") અનુસાર, સેંટ લ્યૂક્સ યુનિવર્સિટી હેલ્થ નેટવર્ક - Warren કેમ્પસ એવી વ્યક્તિઓ કે જેમને સ્વાસ્થ્ય સંભાળની જરૂર હોય અને જેમની પાસે વીમો હોય નહીં, સરકારી સહાય મેળવવાને યોગ્ય હોય નહીં, અથવા

અન્યથા ચુકવણી કરવામાં સક્ષમ હોય નહીં, તેમને તેમની વ્યક્તિગત આર્થિક સ્થિતિના આધારે તેમની તબીબી જરૂરિયાતો માટે આર્થિક સહાય પૂરી પાડવા માટે પ્રતિબધ્ધ છે. એવા બધાં જ લોકો જે પોતાને કટોકટીની સારવાર અથવા અન્ય તબીબી રીતે જરૂરી સ્વાસ્થ્ય સંભાળ માટે હાજર કરે તેમને દાખલ કરવા જોઈશે અને તેમને સારવાર આપવી જોઈશે; તેમને હૉસ્પિટલના દર્દી તરીકે નોંધવાના રહેશે અને એ દર્દીના ફિઝિશિયન દ્વારા આપવામાં આવેલી લેખિત સલાહ અનુસાર તેમને એ જરૂરી સેવાઓ મળવી જોઈશે. કોઈપણ કિસ્સામાં સૅંટ લ્યૂક્સ યુનિવર્સિટી હેલ્થ નેટવર્ક - Warren કેમ્પસ કોઈપણ સંભવિત દર્દીને તેમની/તેણીની નાણાં ચુકવણીની ક્ષમતાના આધાર પર ક્યારેય સ્વાસ્થ્ય સંભાળ સેવાઓ આપવાનો ઇન્કાર કરશે નહીં.

સૅંટ લ્યૂક્સ યુનિવર્સિટી હેલ્થ નેટવર્ક - Warren કેમ્પસ, અને નોંધનીય રીતે સંબંધિત બીજા કોઈપણ એકમો (ઇન્ટરનલ રેવન્યુ કૉડ (“IRC”) § 501(r) અંતિમ નિયમો હેઠળ વ્યાખ્યાયિત) એ, એફોર્ડેબલ કેર ઍક્ટ (ઇન્ટરનલ રેવન્યુ કૉડ § 501(r)), ન્યુ જર્સી હૉસ્પિટલ કેર પેમેન્ટ આસિસ્ટન્સ પ્રોગ્રામ (N.J.A.C.) હેઠળ IRC § 501(c)(3) હૉસ્પિટલ માટેની જરૂરિયાતો સાથે ઇન્ટરનલ રેવન્યુ સર્વિસ (આંતરિક મહેસૂલી સેવા) ની જરૂરિયાતોનું પાલન કરશે. 10:52) અને ન્યુ જર્સી અનઇનસ્યોર્ડ ડિસ્કાઉન્ટ (પબ્લિક લૉ 2008, ચેપ્ટર60).

સૅંટ લ્યૂક્સ યુનિવર્સિટી હેલ્થ નેટવર્ક - Warren કેમ્પસ, કોઈપણ જાતના ભેદભાવ વિના, વ્યક્તિઓને તેમની આર્થિક સહાયતા મેળવવાની યોગ્યતા અથવા આર્થિક ચુકવણીની ક્ષમતાને ધ્યાનમાં લીધા વિના તેમને તમામ તબીબી કટોકટીની સ્થિતિમાં સંભાળ પૂરી પાડશે. સૅંટ લ્યૂક્સ યુનિવર્સિટી હેલ્થ નેટવર્ક - Warren કેમ્પસની આ પૉલીસી છે કે કોઈપણ વ્યક્તિ જ્યારે સારવાર લેવા માટે કટોકટી સારવાર વિભાગમાં આવે ત્યારે તેમની તબીબી સ્થિતિને સ્થિર કરવા માટે જરૂરી પરીક્ષણો કરીને જરૂર હોય તેવી સારવાર આપવા માટે એ ફેડરલ ઇમરજન્સી મેડિકલ ટ્રીટમેન્ટમાં અને એકટીવ લેબર ટ્રાન્સપોર્ટ એક્ટ, 1986 (“EMTALA”) માં સ્થાપવામાં આવેલ ધોરણોનું અને (“EMTALA”)ના નિયમોનું પાલન કરવું.

આર્થિક સહાયને વ્યક્તિગત જવાબદારીની અવેજી ગણવામાં આવતી નથી. આર્થિક સહાય મેળવવા માટેની અરજીઓ (એપેન્ડિક્સ સી), અન્ય પ્રકારની ચુકવણીઓ કરવા માટેની પ્રક્રિયાઓ અથવા દર્દીઓની સંભાળના ખર્ચમાં યોગદાન માટે દર્દીઓ તેમની નાણાં ચુકવણીની વ્યક્તિગત ક્ષમતાના આધારે સૅંટ લ્યૂક્સ યુનિવર્સિટી હેલ્થ નેટવર્ક - Warren કેમ્પસને સહકાર આપે તેવી અપેક્ષા રાખવામાં આવે છે. જે વ્યક્તિઓ સ્વાસ્થ્ય વીમો ખરીદવાની આર્થિક ક્ષમતા ધરાવતા હોય તેમને તેવું કરવા માટે પ્રોત્સાહિત કરવા જોઈએ જેથી વ્યક્તિગત એકંદર સ્વાસ્થ્ય જાળવવાના સાધન તરીકે તેઓ સ્વાસ્થ્ય સંભાળની સેવા સુધી સુનિશ્ચિત રીતે પહોંચી શકે અને તેમની વ્યક્તિગત મિલકતોનું સંરક્ષણ થઈ શકે.

માત્ર કટોકટીની સારવાર અથવા તબીબી રીતે જરૂરી સ્વાસ્થ્ય સંભાળની સેવાઓ માટે જ આર્થિક સહાય ઉપલબ્ધ છે. સૅંટ લ્યૂક્સ યુનિવર્સિટી હેલ્થ નેટવર્ક - Warren કેમ્પસ હૉસ્પિટલની સુવિધામાં આપવામાં આવતી તમામ સેવાઓને આ FAP (ફાઈનૅન્શલ આસિસ્ટન્સ પૉલીસી) હેઠળ આવરી લેવામાં આવી નથી. સૅંટ લ્યૂક્સ યુનિવર્સિટી હેલ્થ નેટવર્ક - Warren કેમ્પસ હૉસ્પિટલની સુવિધામાં કટોકટીની સારવાર પૂરી પાડતાં અથવા અન્ય તબીબી રીતે જરૂરી સ્વાસ્થ્ય સંભાળની સેવાઓ પૂરી પાડતાં પ્રદાતાઓની એક યાદી માટે કૃપા કરીને એપેન્ડિક્સ એ નો સંદર્ભ લો. આ એપેન્ડિક્સ ક્યા પ્રદાતાઓ આ FAP હેઠળ આવરી લેવામાં આવેલા છે અને ક્યા પ્રદાતાઓને આવરી લેવામાં આવ્યા નથી તે સ્પષ્ટ કરે છે. જો જરૂરી હોય તો, પ્રદાતાઓની યાદીની ત્રિમાસિક સમીક્ષા કરવામાં આવશે અને તેને અધતન કરવામાં આવશે.

જો ઉપર દર્શાવેલ જાહેર સહાય કાર્યક્રમો માટે અયોગ્ય હોવ, તો સૅંટ લ્યૂક્સ યુનિવર્સિટી હેલ્થ નેટવર્ક - Warren કેમ્પસ દર્દીની આવકનું અને મિલકતોનું ન્યુ જર્સી હૉસ્પિટલ કેર પેમેન્ટ આસિસ્ટન્સ પ્રોગ્રામ ("ફાઈનૅન્શલ આસિસ્ટન્સ") હેઠળ પરીક્ષણ કરશે. ન્યુ જર્સી હૉસ્પિટલ આસિસ્ટન્સ પ્રોગ્રામ માટેની ઍપ્લિકેશન ફોર પાર્ટિસિપેશન (“ઍપ્લિકેશન”)માં દર્શાવ્યા પ્રમાણે દર્દીને સલાહ આપવામાં આવશે કે, રહેઠાણ, ઓળખ, આવક, મિલકતો, વગેરેના (નીચે વર્ણવેલ) જરૂરી દસ્તાવેજો પૂરા પાડવા એ તેમની/તેણીની જવાબદારી છે. જો દર્દીનો વીમો હોય નહીં, તો સૅંટ લ્યૂક્સ યુનિવર્સિટી હેલ્થ નેટવર્ક - Warren કેમ્પસ દર્દીને ન્યુ જર્સી અનઇનસ્યોર્ડ ડિસ્કાઉન્ટ પ્રમાણે, કુલ ખર્ચના 10% અથવા તબીબી દરોના 115% થી ઓછું બીલ આપશે.

**II.** વ્યાખ્યાઓ:

આ FAP ના હેતુ માટે, નિમ્નલિખિત પરિભાષાઓને નીચે મુજબ વ્યાખ્યાયિત કરવામાં આવેલ છે:

સામાન્ય રીતે બીલમાં સમાવેશ કરવામાં આવેલી રકમો (અમાઉન્ટ્સ જનરલી બિલ્ડ) (**“AGB”**) - ઇન્ટર્નલ રેવન્યુ કોડની કલમ 501(r)(5) મુજબ, કટોકટીના અથવા તબીબી રીતે જરૂરી બીજી સંભાળના કિસ્સામાં, FAP-યોગ્ય દર્દીઓ પાસેથી, એક વીમો લીધેલો હોય તેવી વ્યક્તિ પાસેથી આવી સંભાળ માટે વસૂલવામાં આવતા નાણાંથી વધુ વસૂલવામાં આવશે નહીં.

**AGB** ટકાવારી - એક હૉસ્પિટલ દ્વારા એક એવી વ્યક્તિ જે FAP હેઠળ સહાય મેળવવાને યોગ્ય હોય તેને હૉસ્પિટલ દ્વારા પૂરી પાડવામાં આવેલી કટોકટીની સારવાર અથવા તબીબી રીતે જરૂરી અન્ય સંભાળ માટેના કુલ ખર્ચના ટકા.

કટોકટીની તબીબી સ્થિતિઓ - સોશિયલ સિક્યુરિટી એક્ટ (42 U.S.C. 1395dd)ની કલમ 1867 ના અર્થની મર્યાદામાં વ્યાખ્યાયિત કરેલ.

એકત્ર કરવાની અસાધારણ ક્રિયાઓ/એક્સ્ટ્રાઓર્ડિનરી કલેક્શન એક્શન્સ (**“ECAs”**) - તમામ કાયદેસર અથવા ન્યાયિક પ્રક્રિયાઓ, જેમાં આના સહિત, પરંતુ તેના પૂરતી જ મર્યાદિત ન હોય તેવી પ્રક્રિયાઓ જેમ કે વેતન આપવાની, મિલકત પર પૂર્વાધિકાર મૂકવાની અને ક્રેડિટ એજન્સીઓને અહેવાલ આપવાની ક્રિયાઓ. ECAs માં એક વ્યક્તિના દેવાને બીજા પક્ષને વેચી નાખવાનો, કાયદેસરના કેસનો, રહેઠાણો પર પૂર્વાધિકારોનો, ધરપકડોનો, શારીરિક જપ્તીનો અથવા એકત્રિકરણની સમાન અન્ય પ્રક્રિયાઓનો સમાવેશ થાય છે.

આર્થિક સહાય - સ્વાસ્થ્ય સંભાળની સેવાઓ જે પૂરી પાડવામાં આવી રહી છે અથવા જે પૂરી પાડવામાં આવશે પરંતુ જે ક્યારેય રોકડ પ્રવાહમાં પરિણમવાની અપેક્ષા રાખવામાં આવતી નથી. આર્થિક સહાય એક દર્દીને મફત અથવા વળતર સાથેની કટોકટીની સારવાર અથવા તબીબી રીતે જરૂરી અન્ય સ્વાસ્થ્ય સંભાળ પૂરી પાડે છે જો તેઓ સ્થાપિત માપદંડોને પૂરા કરતા હોય અને તેઓ યોગ્ય હોવાનું નિર્ધારિત કરવામાં આવે.

પરિવાર - સેન્સસ બ્યુરોની વ્યાખ્યાનો ઉપયોગ કરીને, બે અથવા તેથી વધુ એવી વ્યક્તિઓનું જૂથ કે જે સાથે રહેતા હોય અને જેમની વચ્ચે જન્મ, લગ્ન, અથવા દત્તક લેવાને કારણે સંબંધ હોય. ઇન્ટર્નલ રેવન્યુ સર્વિસના નિયમો પ્રમાણે, જો દર્દી તેમના/તેણીના ઇન્કમ ટૅક્સ રિટર્ન પર કોઇ વ્યક્તિ તેમના પર આશ્રિત હોવાનો દાવો કરે, તો આર્થિક સહાયની જોગવાઇના હેતુ માટે તેમને એક આશ્રિત ગણવામાં આવશે.

પરિવારની કુલ આવક - સેન્સસ બ્યુરોની વ્યાખ્યાનો ઉપયોગ કરીને પરિવારની આવકને નક્કી કરવામાં આવે છે, ગરીબીની માર્ગદર્શિકાની ગણતરી કરતી વખતે તે નિમ્નલિખિત આવકનો ઉપયોગ કરે છે:

- આવકની કમાણીઓ, બેરોજગારીનું વળતર, કામદારોનું વળતર, સામાજિક સુરક્ષા, પૂરક સુરક્ષા આવક, જાહેર સહાય, લશ્કરી નિવૃત્તોની ચુકવણીઓ, જીવંત રહેનારને મળતા ફાયદાઓ, પેન્શન અથવા નિવૃત્તિની આવક, વ્યાજ, ડિવિડન્ડ, ભાડાં, રોયલ્ટી, એસ્ટેટ્સમાંથી આવક, ટ્રસ્ટો, શૈક્ષણિક સહાય, ગુજરાન-ખર્ચ, બાળ સહાય, ઘરની બહારથી મળતી સહાય, અને અન્ય પરચુરણ સ્ત્રોતો.
- બિન રોકડ લાભ જેમ કે ફૂડ સ્ટેમ્પ્સ અને ગૃહ નિર્માણની સબસિડીઓને ગણવામાં આવતી નથી;

- કર-પહેલાંના ધોરણે નક્કી કરવામાં આવે છે;
- નાણાંકીય લાભ (કેપિટલ ગેઇન) અથવા ખોટને બાકાત રાખે છે; અને
- જો એક વ્યક્તિ પરિવારની સાથે રહે છે, તો પરિવારના બધાં જ સભ્યોની આવકનો સમાવેશ થાય છે (બિન-સંબંધિત, જેમ કે ઘરમાં સાથે રહેનારાઓની ગણતરી થતી નથી).

સમવાયી ગરીબી સ્તર - સ્વાસ્થ્ય, અને માનવ સેવાઓના વિભાગ દ્વારા વાર્ષિકપણે બહાર પાડવામાં આવતા આવકના સ્તરનું એક માપ. સમવાયી ગરીબી સ્તરોનો આર્થિક સહાયતાની યોગ્યતાને નક્કી કરવા માટે ઉપયોગ કરવામાં આવે છે.

કુલ ખર્ચ - હૉસ્પિટલની સુવિધા દ્વારા દર્દીઓ પાસેથી સાતત્યપૂર્ણ રીતે અને એક સમાન રીતે કોઇપણ કરાર અંતર્ગત મળતાં ભથ્થાં, ડિસ્કાઉન્ટ કે કપાતોને લાગુ કરતાં પહેલાં વસૂલવામાં આવતી તબીબી સંભાળ માટેની પૂર્ણ, સ્થાપિત કિંમત.

તબીબી રીતે જરૂરી સેવાઓ - સ્વાસ્થ્ય સંભાળની એવી સેવાઓ કે જેને એક ફિઝિશિયન સમજદારી પૂર્વકના તબીબી નિર્ણય બાદ, એક દર્દીને તેમની બિમારીનું મૂલ્યાંકન કરવા, નિદાન કરવા અથવા એક બિમારી, ઈજા, રોગ અથવા તેના લક્ષણોની સારવાર કરવા માટે ઉપયોગમાં લે છે, અને તે આ પ્રમાણે છે:  (અ) તબીબી પ્રણાલીના સામાન્ય રીતે સ્વિકૃત ધોરણો પ્રમાણે; (બ) તબીબી રીતે યોગ્ય; અને (ક) પ્રાથમિક રીતે દર્દીની સગવડતા માટે નહીં.

સાદી ભાષામાં સારાંશ/પ્લેન લૅંગ્વેજ સમરી (**“PLS”**) - એક લેખિત નિવેદન જે એક વ્યક્તિને એવી સૂચના આપે છે કે સૅંટ લ્યૂક્સ યુનિવર્સિટી હેલ્થ નેટવર્ક - Warren કેમ્પસ આ FAP હેઠળ આર્થિક સહાય આપે છે અને વધારાની માહિતી એક સ્પષ્ટ, સંક્ષિપ્ત અને સમજવામાં સરળ રીતે આપવામાં આવે છે.

જરૂર કરતા ઓછો વીમો - દર્દી પાસે અમુક સ્તરનો વીમો અથવા ત્રીજા પક્ષની સહાયતા છે પરંતુ હજુ પણ તેને તેના ખિસ્સામાંથી એવા ખર્ચ કરવાના છે જે તેમની આર્થિક ક્ષમતાની બહાર છે.

વીમાવિહિન - દર્દી પાસે કોઇપણ સ્તરનો વીમો નથી અથવા ત્રીજા પક્ષની સહાય નથી કે જેના દ્વારા તેઓ તેમની ચુકવણીની જવાબદારીઓને પૂર્ણ કરી શકે.

## III. પ્રક્રિયા

### A. આર્થિક સહાય માટે યોગ્યતાના માપદંડો:

1. આર્થિક સહાય (ફાઇનૅન્શલ આસિસ્ટન્સ) ન્યુ જર્સીના એવા રહેવાસીઓ માટે ઉપલબ્ધ છે કે જેઓ:
2. જેમની પાસે સ્વાસ્થ્ય સંભાળનું કોઇ આવરણ નથી અથવા એવું આવરણ છે જેના દ્વારા એ બિલની માત્ર આંશિક ચુકવણી કરી શકાય;
3. જેઓ કોઈપણ ખાનગી અથવા સરકાર દ્વારા પ્રાયોજીત આવરણ (જેમ કે મેડિકેઇડ) મેળવવા માટે યોગ્ય હોય નહીં; અને
4. નીચે વર્ણવેલા આવક અને મિલકતના માપદંડો પૂરા કરતા હોય.

ન્યુ જર્સીના રહેવાસી હોય નહીં તેમને આર્થિક સહાય ઉપલબ્ધ હોઇ શકે છે, જે ચોક્કસ જોગવાઇને આધિન છે (જેમ કે કટોકટીની સારવારની જરૂર હોય તેવી તબીબી સ્થિતિઓ).

આવકનો માપદંડ - જે દર્દીઓની કુલ પારિવારિક આવક સમવાયી ગરીબી મર્યાદા/ફેડરલ પૉવર્ટી લિમિટ્સ ("FPL") ના 200%થી ઓછી અથવા તેના જેટલી religious affiliationહોય તેઓ 100% આર્થિક સહાયનું આવરણ મેળવવા માટે યોગ્ય છે. જે દર્દીઓની કુલ પારિવારિક આવક FPG ના 200% કરતાં વધુ હોય પરંતુ 300% થી ઓછી અથવા તેના જેટલી હોય તો તેઓ આર્થિક સહાયના કાર્યક્રમ હેઠળ વળતર યુક્ત (ડિસ્કાઉન્ટેડ) સંભાળ મેળવવાને યોગ્ય છે. નીચે મુજબના ફી શેડ્યુલ દ્વારા મફત અથવા વળતર યુક્ત ચાર્જને નક્કી કરવામાં આવે છે (એપેન્ડિક્સ બી પણ જુઓ):

| ની એક ટકાવારી તરીકે આવક<br>સમવાયી ગરીબી મર્યાદા | મેડિકેઇડની ટકાવારી<br>દર્દી દ્વારા ચૂકવાયેલ દર |
|---|---|
| 200% ની બરાબર અથવા તેનાથી ઓછો | 0% |
| 200% થી વધુ પરંતુ 225% ની બરાબર અથવા તેનાથી ઓછો | 20% |
| 225% થી વધુ પરંતુ 250% ની બરાબર અથવા તેનાથી ઓછો | 40% |
| 250% થી વધુ પરંતુ 275% ની બરાબર અથવા તેનાથી ઓછો | 60% |
| 275% થી વધુ પરંતુ 300% ની બરાબર અથવા તેનાથી ઓછો | 80% |
| 300% થી વધુ | જાત-ચુકવણીનું વળતર ઉપલબ્ધ |

મિલકતનો માપદંડ - એક દર્દીને યોગ્ય બનવા માટે સેવા મળવાની તારીખના રોજ તેમની વ્યક્તિગત મિલકતો $7,500 થી વધારે હોઈ શકે નહીં અને પારિવારિક મિલકતો $15,000 થી વધારે હોઇ શકે નહીં. દર્દી આર્થિક સહાય મેળવવા માટે યોગ્ય બની શકે તે માટે હૉસ્પિટલના બિલની આંશિક ચુકવણી દ્વારા મિલકતોના મૂલ્યો ઘટાડવાની પ્રક્રિયાની (સ્પેન્ડ ડાઉન) પરવાનગી આપવામાં આવે છે. આંશિક આર્થિક સહાય મેળવ્યા બાદ દર્દીને જે રકમ માટે જવાબદાર છે તે તેમની/તેણીની આવકના 30% જેટલી મર્યાદિત હોવી જોઈએ.

આર્થિક સહાય મેળવવા માટે એવી વ્યક્તિઓને યોગ્ય ગણવામાં આવશે કે જેઓ વીમાવિહિન છે, સરકારના સ્વાસ્થ્ય સંભાળના કાર્યક્રમનો લાભ મેળવવાને યોગ્ય નથી, અને જેઓ આ FAP અનુસાર આર્થિક જરૂરિયાતને નક્કી કરવાના આધારે, તેમની સંભાળ માટેની ચુકવણી કરવા માટે સક્ષમ નથી. આર્થિક સહાયને મંજૂરી આપતી વખતે વ્યક્તિગત આર્થિક જરૂરિયાતને ધ્યાનમાં લેવી જોઇએ, અને ઉંમર, લિંગ, જાતિ, સામાજીક અથવા ઇમિગ્રેન્ટ સ્થિતિને, જાતિય અભિમુખતાને અથવા ધાર્મિક જોડાણને ધ્યાનમાં લેવા નહીં.

તેના સ્ત્રોતોનું જવાબદારીપૂર્વક સંચાલન કરવા માટે અને સેંટ લ્યૂક્સ યુનિવર્સિટી હેલ્થ નેટવર્ક - Warren કેમ્પસ જરૂરિયાતવાળા વધુમાં વધુ લોકોને યોગ્ય સ્તરની આર્થિક સહાય આપી શકે તે માટે, સેંટ લ્યૂક્સ યુનિવર્સિટી હેલ્થ નેટવર્ક - Warren કેમ્પસ આર્થિક સહાયની જોગવાઇ કરવા માટે નીચે મુજબની માર્ગદર્શિકા સ્થાપિત કરે છે.

**1.** આર્થિક સહાય મેળવવા માટે યોગ્ય સેવાઓ

નીચે મુજબની સેવાઓ આર્થિક સહાય મેળવવાને યોગ્ય છે:

i. એક કટોકટીની સારવાર માટે ગોઠવેલા રૂમમાં આપવામાં આવેલી કટોકટીની તબીબી સેવાઓ;
ii. એક એવી સ્થિતિ માટે આપવામાં આવેલી સેવાઓ, જેને જો તુરંત જ સારવાર આપવામાં ના આવે તો એક વ્યક્તિના સ્વાસ્થ્યની સ્થિતિ ખરાબ રીતે બદલી શકે;
iii. એક કટોકટીની સારવાર માટે ના ગોઠવવામાં આવેલ હોય તેવા રૂમમાં પ્રાણ ઘાતક સંજોગોમાં આપવામાં આવેલ બિન-વૈકલ્પિક સ્વાસ્થ્ય સંભાળની સેવાઓ; અને
iv. તબીબી રીતે જરૂરી સ્વાસ્થ્ય સંભાળની સેવાઓ, જેનું વ્યક્તિગત કિસ્સાઓને આધારે દર્દીના ફિઝિશિયન અને/અથવા સેંટ લ્યૂક્સ યુનિવર્સિટી હેલ્થ નેટવર્ક - Warren કેમ્પસ દ્વારા મૂલ્યાંકન કરવામાં આવેલું હોય.

2. આર્થિક સહાય મેળવવા માટે યોગ્ય હોય નહીં તેવી સેવાઓ

જો દર્દી મેડિકેર દ્વારા આવરિત હોય નહીં તો પણ, સેવાઓ જે સામાન્ય રીતે "મૂળભૂત" અથવા "પરંપરાગત" મેડિકેર પ્લાન દ્વારા આવરિત હોય નહીં, સેવાઓ જે તબીબી રીતે જરૂરી ગણવામાં આવી હોય નહીં અને જે આર્થિક સહાય મેળવવા માટે યોગ્ય હોય નહીં. મેડિકેર દ્વારા આવરિત હોય નહીં અને આર્થિક સહાય મેળવવા માટે યોગ્ય હોય નહીં તેવી સેવાઓના ઉદાહરણમાં નીચેનાનો સમાવેશ થાય છે, પરંતુ તેટલા પૂરતી જ મર્યાદિત નથી:

i. વૈકલ્પિક દવા: પ્રયોગાત્મક પ્રક્રિયાઓ અને સારવારો, એક્યુપંકચર, અને કિરોપ્રેક્ટિક સેવાઓ (કરોડરજ્જુની સામાન્ય આંશિક સ્થાનભ્રષ્ટતા સિવાય)
ii. કોસ્મેટિક સર્જરી: (જ્યાં સુધી શરીરના કોઈ બગડેલાં/કઢંગા ભાગના કાર્યને સુધારવાની જરૂર હોય નહીં)
iii. દાંતની સંભાળ
iv. શ્રવણ સહાયકો: અથવા શ્રવણ સહાયકોને ફિટ કરવાનું પ્રિસ્ક્રાઇબ કરતાં પહેલાંના પરીક્ષણો (સિવાય કે કેટલાંક કિસ્સામાં શ્રવણ શક્તિની તીવ્ર ખોટની સારવાર માટે પ્રત્યારોપણ કરવાનું હોય)
v. બિન-તબીબી સેવાઓ: હૉસ્પિટલના ટેલિવિઝન અને ટેલિફોન સહિત, એક ખાનગી રૂમ, રદ કરેલી અથવા ચૂકી ગયેલ એપોઇંટમેન્ટ્સ અને એક્સ-રેની નકલો.
vi. મોટાભાગનું બિન-કટોકટી પરિવહન,
vii. કેટલીક નિવારણાત્મક સંભાળ: મોટાભાગના નિયમિત શારીરિક પરીક્ષણો અને ચકાસણીઓ સહિત, રસીકરણ, અને પગની તથા આંખની નિયમિત સંભાળ
viii. પરિવહન: તબીબી રીતે જરૂરી હોય તેવી એમ્બ્યુલન્સની સેવા સિવાય.
ix. દ્રષ્ટીની સંભાળ: આંખના ચશ્મા સહિત (સિવાય કે મોતિયાના ઑપરેશન બાદ) અને ચશ્માના ફિટિંગ માટે અથવા તેના પ્રિસ્ક્રિપ્શન આપવા માટે થતું પરીક્ષણ.

**B.** <u>દર્દી પાસેથી વસૂલવામાં આવતી રકમની ગણતરી કરવા માટેનો આધાર:</u>

વીમાવિહિન દર્દીઓ કે જેઓ પૂર્ણ અથવા આંશિક આર્થિક સહાય માટે યોગ્ય બનતા હોય તેમના બિલને આર્થિક સહાયના માપદંડો (ઉપર ચર્ચા કરેલ)ના આધારે 20-100% જેટલું ઘટાડવામાં આવશે.

FPLના 301% થી વધુ કુલ પારિવારિક આવક ધરાવનાર દર્દીઓને એક નોંધનીય વળતર આપવામાં આવશે, જે ન્યુ જર્સી અનઇનસ્યોર્ડ ડિસ્કાઉન્ટ અનુસાર રહેશે, અને તેમનું બિલ મેડિકેરના દાખલ થયેલા દર્દીઓ અને બહારના દર્દીઓને આપવામાં આવતી સેવાના દરોના 115% થી ઓછું બનાવવામાં આવશે અથવા આ FAP હેઠળ ઉપલબ્ધ અન્ય કોઈપણ વળતર આપવામાં આવશે.

વીમો લીધેલ દર્દીઓ કે જેઓ આર્થિક સહાય માટે યોગ્ય છે તેમને કપાતને પાત્ર, સહ-ચુકવણીઓ, સહવીમા અથવા ખિસ્સામાંથી કરવા પડતાં અન્ય ખર્ચ માટે યોગ્ય ટકાવારીનું વળતર આપવામાં આવશે.

ઇન્ટર્નલ રેવન્યુ કોડની કલમ 501(r)(5) મુજબ, કટોકટીની સારવારના કિસ્સામાં અથવા તબીબી રીતે જરૂરી બીજી સંભાળના કિસ્સામાં, આ FAP હેઠળ આર્થિક સહાયને યોગ્ય દર્દીઓ પાસેથી વીમો લીધેલો હોય તેવી વ્યક્તિ પાસેથી આવી સંભાળ માટે વસૂલવામાં આવતા નાણાંથી વધુ વસૂલવામાં આવશે નહીં.

સૅંટ લ્યૂક્સ યુનિવર્સિટી હેલ્થ નેટવર્ક - Warren કેમ્પસ તેની 18% ની AGB ટકાવારી ગણવા માટે લૂક-બૅક (વિચારણા) પ્રક્રિયાનો ઉપયોગ કરે છે. AGB ટકાવારીને વાર્ષિક ધોરણે ગણવામાં આવે છે અને તે મેડિકેર ફી-ફોર-સર્વિસ વત્તા બધાં જ ખાનગી સ્વાસ્થ્ય વીમા ઉતારનાર કંપનીઓ દ્વારા 12-મહિનાના સમયગાળામાં પરવાનગી આપવામાં આવેલ દાવાઓ આધારીત છે, જેનું આ દાવાઓ સાથે સંકળાયેલ કુલ ખર્ચ વડે વિભાજન કરવામાં આવે છે. ઇન્ટર્નલ રેવન્યુ કોડની કલમ 501(r)(5) મુજબ કોઈપણ વ્યક્તિ જેને FAP-યોગ્ય ગણવામાં આવેલ હોય તેમની પાસેથી કટોકટીની સારવાર માટે અથવા તબીબી રીતે જરૂરી સ્વાસ્થ્ય સંભાળની સેવાઓ માટે AGB થી ઓછી વસૂલાત કરવામાં આવશે અથવા ખર્ચ પર 90% જાત-ચુકવણી વળતર આપવામાં આવશે જે એવા કોઈપણ દર્દી કે જેઓ FAP માટે યોગ્ય થતા હોય નહીં તેમને આપવામાં આવતા વળતરનો દર છે.  લાગુ પડતાં વળતરને કુલ ખર્ચ પર લાગુ પાડવામાં આવશે.

કોઈપણ વ્યક્તિ પાસેથી હંમેશા AGB થી ઓછી વસૂલાત કરવામાં આવશે અથવા આ FAP હેઠળ ઉપલબ્ધ કોઈપણ વળતર આપવામાં આવશે.

**C.** <u>પ્રક્રિયા:</u>

સેવાઓ આપવામાં આવે એ પહેલાં આર્થિક સહાય માટેની એક વિનંતી કરવામાં આવે અને આર્થિક જરૂરિયાતને નક્કી કરવામાં આવે તેને અગ્રતા આપવામાં આવે છે પરંતુ તેવું જરૂરી નથી. જો કે, એકત્રિકરણના ચક્રમાં કોઈપણ સમયે તેને નક્કી કરવામાં આવી શકે. જો અંતિમ

આર્થિક મૂલ્યાંકન એક વર્ષ કરતાં વધુ સમય પહેલાં કરવામાં આવેલું હોય અથવા જ્યારે દર્દીની યોગ્યતાને સંબંધી કોઈપણ વધારાની માહિતી જાણમાં આવે ત્યારે સેવા મેળવવાના દરેક વખતે ચુકવણીમાં સહાયની જરૂરિયાતનું પુન:મૂલ્યાંકન કરવું જોઇશે.
સૅંટ લ્યૂક્સ યુનિવર્સિટી હેલ્થ નેટવર્ક - Warren કેમ્પસ યોગ્ય પ્રકારના વૈકલ્પિક સ્ત્રોતોને શોધી કાઢવા માટેના અને  જાહેર તથા ખાનગી ચુકવણીના કાર્યક્રમોમાંથી આવરણ મેળવવા અને દર્દીઓને આવા કાર્યક્રમોમાં અરજી કરવામાં સહાય કરવા માટેના વાજબી પ્રયત્નો કરશે.

**D.** <u>અરજી કરવાની રીત:</u>

જે દર્દીઓ આર્થિક સહાય મેળવવા માટેના માપદંડોને પૂરા કરતા હોય તેમણે એક પૂર્ણ કરેલી અરજી મોકલવી અનિવાર્ય છે. એક પૂર્ણ કરેલી અરજીમાં કેટલાંક ચોક્કસ દસ્તાવેજોનો સમાવેશ કરવો અનિવાર્ય છે.  નીચે મુજબના દસ્તાવેજો જરૂરી છે:

- ઓળખની સાબિતી;
- આવકની સાબિતી;
- મિલકતની સાબિતી; અને
- ન્યુ જર્સીમાં રહેઠાણની સાબિતી

આર્થિક સહાય માટે ધ્યાનમાં લઈ શકાય તે માટે એક વ્યક્તિએ એક આર્થિક સહાય માટેની અરજી આપવી જ જોઇએ. દર્દી અથવા દર્દીની બાંયધરી  આપનારે સહકાર આપવો જરૂરી છે અને જો વિનંતી કરવામાં આવી હોય તો આર્થિક જરૂરિયાતને નક્કી કરવા સાથે સંબંધિત દસ્તાવેજો અને વ્યક્તિગત, આર્થિક અને અન્ય માહિતી આપવી આવશ્યક છે. જે દર્દીઓ યોગ્યતાના માપદંડો પૂરા કરતા હોય અને આ FAP હેઠળ આપવામાં આવતી આર્થિક સહાય મેળવવા માંગતા હોય તેઓ નીચે પ્રમાણે એક અરજી મેળવી શકે છે:

1. હૉસ્પિટલની મુખ્ય રજીસ્ટ્રેશન ડેસ્ક પર અથવા કટોકટીની સારવારના રૂમની ડેસ્ક પરથી મેળવી શકે છે જે અહીં આવેલ છે:

   St. Luke's Hospital-Warren
   185 Roseberry Street
   Phillipsburg, NJ 08865

2. 484-526-3150 પર પેશન્ટ બિઝનેસ સર્વિસિઝ ડિપાર્ટમેન્ટને ફોન કરીને

3. 908-847-6024 પર સૅંટ લ્યૂક્સ Warren કેમ્પસ ફાઈનેન્શલ કાઉન્સેલર્સને ફોન કરીને

4. દસ્તાવેજોને હૉસ્પિટલની વેબસાઇટ www.slhn.org પરથી ડાઉનલૉડ કરો: .

કૃપા કરીને તમારી પૂર્ણ કરેલી અરજી સાથે આપવા માટેના જરૂરી દસ્તાવેજો માટે તમારી FAP અરજી સંદર્ભિત કરો. જરૂરી દસ્તાવેજોમાં આનો સમાવેશ થાય છે, પરંતુ તેના પૂરતા જ મર્યાદિત નથી, પરિવારના કદ અંગેના દસ્તાવેજ, સાવ તાજેતરના ટેક્સ રિટર્ન, પગાર સંબંધિત ચેકના અડધિયા અને ઘરની કુલ આવકની સાબિતી.

5. તમામ પૂર્ણ કરેલી અરજીઓ (જરૂરી દસ્તાવેજોની સાથે) અહીં ટપાલથી મોકલવી:

St. Luke's Hospital-Warren<br>
Attn: Financial Counselor<br>
185 Roseberry Street<br>
Phillipsburg, NJ 08865

કામકાજના કલાકો સોમવાર - શુક્રવાર 8:00 am to 4:30 pm છે.

**E.** યોગ્યતા નક્કી કરવી:

અરજીની પ્રક્રિયામાં, આર્થિક જરૂરને નક્કી કરવામાં અને આર્થિક સહાય આપવામાં સૅંટ લ્યૂક્સ યુનિવર્સિટી હેલ્થ નેટવર્ક - Warren કેમ્પસના માનવ ગૌરવ અને સંરક્ષકતાના મૂલ્યો પ્રતિબિંબિત થવા જોઈશે. આર્થિક સહાય માટેની અરજીઓ પર ત્વરીત પ્રક્રિયા થવી જોઈશે અને સૅંટ લ્યૂક્સ યુનિવર્સિટી હેલ્થ નેટવર્ક દ્વારા પૂર્ણ કરેલી અરજી (સહાયક દસ્તાવેજોનો સમાવેશ કરતાં) મળ્યાના 30 દિવસની અંદર એ દર્દીને અથવા અરજી કરનારને લેખિતમાં સૂચના મળવી જોઈશે.

**1.** અપૂર્ણ અરજીઓ માટેની પ્રક્રિયા

આર્થિક સહાય શક્ય હોય તેટલી ઝડપથી નક્કી કરવી જોઈશે, પરંતુ એ વિનંતીના 30 કામકાજના દિવસથી મોડું થવું જોઈએ નહીં. જો પૂરતાં દસ્તાવેજો અપાયેલા હોય નહીં તો એ વિનંતી અપૂર્ણ અરજી ગણાવાને યોગ્ય બનશે. જો એક અપૂર્ણ અરજી મળી હોય તો સૅંટ લ્યૂક્સ યુનિવર્સિટી હેલ્થ નેટવર્ક - Warren કેમ્પસ એ અરજી કરનારને એક લેખિત સૂચના આપશે જેમાં FAP-યોગ્યતા નક્કી કરવા માટે જરૂરી વધારાની

માહિતી/દસ્તાવેજોનું વર્ણન કરવામાં આવશે અને એ દર્દીને વિનંતી કરવામાં આવેલ એ દસ્તાવેજો પૂરા પાડવા માટે વાજબી સમયગાળો (30 દિવસ) પૂરા પાડવામાં આવશે. વધુમાં, સૈંટ લ્યૂક્સ યુનિવર્સિટી હેલ્થ નેટવર્ક - Warren કેમ્પસ, અને તેના વતી કાર્ય કરતાં કોઈપણ ત્રીજા પક્ષકારો, જ્યાં સુધી FAP-યોગ્યતા નક્કી ના થયેલી હોય ત્યાં સુધી ચુકવણી મેળવવા માટેના કોઈપણ ECA's ને મોકૂફ રાખશે.

**2.** પૂર્ણ કરેલી અરજીઓ માટેની પ્રક્રિયા

એક વખત પૂર્ણ કરેલી અરજી મળી ગયા બાદ, સૈંટ લ્યૂક્સ યુનિવર્સિટી હેલ્થ નેટવર્ક - Warren કેમ્પસ નીચે મુજબ કરશે:

- એક વ્યક્તિની સામેના કોઈપણ ECAs ને મોકૂફ રાખવામાં આવશે (તેમના વતી કાર્ય કરનાર કોઈપણ ત્રીજા પક્ષકારો પણ હાથ ધરવામાં આવેલાં ECAs ને મોકૂફ રાખશે);
- સમયબદ્ધ રીતે FAP-યોગ્યતા નક્કી કરવી અને તેને દસ્તાવેજીત કરવી; અને
- જવાબદાર પક્ષકાર અથવા વ્યક્તિને જે નક્કી થયેલ હોય તેની તથા જેના આધારે નક્કી કરવામાં આવેલ હોય તેની સૂચના લેખિતમાં આપવી.

આર્થિક સહાય મેળવવા માટે યોગ્ય ગણવામાં આવેલાં વ્યક્તિને સંમતિસૂચક નિર્ણય અંગેની સૂચના લેખિતમાં આપવામાં આવશે. સૂચનામાં નીચેનાનો સમાવેશ કરવામાં આવશે:

- સેવાઓની વિનંતી કર્યાની તારીખ;
- નિર્ણય લેવાયાની તારીખ;
- અરજી કરનારની આવક; અને
- આર્થિક સહાય માટે ફાળવવામાં આવનારી રકમ ડોલરમાં અથવા તેની ટકાવારી.

ઇન્ટરનલ રેવન્યુ કોડની કલમ 501(r) પ્રમાણે સૈંટ લ્યૂક્સ યુનિવર્સિટી હેલ્થ નેટવર્ક - Warren કેમ્પસ આ પણ કરશે:

- FAP-યોગ્ય વ્યક્તિએ ચૂકવવાની બાકી હોય તે રકમ દર્શાવતું, એ રકમને કઈ રીતે નક્કી કરવામાં આવેલી અને જો લાગુ પડતું હોય તો AGBને લગતી માહિતીને કઇ રીતે મેળવી શકાશે તે દર્શાવતું એક બિલિંગ સ્ટેટમેન્ટ પૂરૂં પાડવામાં આવશે;
- એ વ્યક્તિ દ્વારા કરવામાં આવેલી કોઇપણ વધારાની ચુકવણી પરત કરવામાં આવશે; અને

- તેમના વતી કાર્ય કરતાં કોઈપણ ત્રીજા પક્ષકારો સાથે કાર્ય કરવું જેથી દર્દીના દેવાની ચુકવણી કરવા માટે તેમની સામે લેવામાં આવેલ કોઈપણ ECAs ને ઉલ્ટાવવા માટે તમામ વાજબી અને ઉપલબ્ધ પગલાં લઈ શકાય.

જ્યારે આર્થિક સહાયની  વિનંતીને નકારવામાં આવે છે, ત્યારે એ અરજી કરનારને લેખિતમાં સૂચના આપવી જોઈશે. જો દર્દી કુલ બિલની ચુકવણી ના કરી શકે તો સૅંટ લ્યૂક્સ યુનિવર્સિટી હેલ્થ નેટવર્ક - Warren કેમ્પસ વૈકલ્પિક ચુકવણીની ગોઠવણ અંગે ચર્ચા કરશે.

**F.** <u>ગૃહિત યોગ્યતા</u>

એવું બનેલું છે કે જ્યારે એક દર્દી આર્થિક સહાય માટે યોગ્ય દેખાતા હોય, પરંતુ સહાયક દસ્તાવેજોના અભાવને લીધે ફાઇલ પર આર્થિક સહાય માટેનું ફોર્મ હોય નહીં. ઘણી વાર દર્દી દ્વારા પૂરતી માહિતી પૂરી પાડવામાં આવે છે અથવા અન્ય સ્ત્રોતોમાંથી મેળવવામાં આવે છે, જેનાથી એ દર્દીને આર્થિક સહાય આપવા અંગેની પૂરતી સાબિતી મળી શકે છે. જ્યારે એક દર્દીની આર્થિક સહાયને ટેકો આપે તેવો કોઈપણ પૂરાવો ઉપલબ્ધ હોય નહીં તેવા કિસ્સામાં, સૅંટ લ્યૂક્સ યુનિવર્સિટી હેલ્થ નેટવર્ક - Warren કેમ્પસ આર્થિક સહાય માટેની યોગ્યતાને નક્કી કરવા માટેના આધાર તરીકે અંદાજીત આવકની રકમોને નક્કી કરવા માટે અને સંભવિત વળતરની રકમો નક્કી કરવા માટે બહારની એજન્સીઓનો ઉપયોગ કરી શકે છે. ગૃહિત યોગ્યતાને એ વ્યક્તિના જીવનના સંજોગોને આધારે નક્કી કરવામાં આવી શકે જેમાં આનો સમાવેશ થાય છે:

- રાજ્ય દ્વારા ભંડોળ આપવામાં આવેલ હોય તેવા પ્રિસ્ક્રિપ્શન કાર્યક્રમો;
- ઘરવિહિન અથવા ઘરવિહિન લોકો માટેના એક દવાખાનામાંથી સંભાળ મેળવેલી હોય;
- મહિલાઓ, નવજાત શિશુઓ અને બાળકો (WIC) ના કાર્યક્રમોમાં સહભાગ લીધો હોય;
- ફૂડ સ્ટેમ્પ માટેની યોગ્યતા
- રાહત દરે શાળામાં બપોરના ભોજનના કાર્યક્રમ માટેની યોગ્યતા;
- રાજ્ય સરકારના અથવા સ્થાનિક અન્ય સહાયના કાર્યક્રમો માટેની યોગ્યતા કે જેના માટે ભંડોળ પૂરું પાડવામાં આવેલ હોય નહીં (ઉદાહરણ તરીકે, મેડિકેઇડ સ્પેન્ડ ડાઉન);
- ઓછી આવક/રાહત દરના ઘરને એક માન્ય સરનામા તરીકે પૂરૂં પાડવામાં આવેલ હોય;
- કોઈપણ જાણીતી મિલકતો વિના દર્દીનું મૃત્યુ થયું છે;
- પ્રકરણ 7 મુજબ દેવાળું ફૂંક્યું હોય અને દેવાળું ફૂંકતા પહેલાં સંભાળ મેળવી હોય;
- પ્રકરણ 13 મુજબ દેવાળું ફૂંક્યું હોય અને ચુકવણીનું સમયપત્રક મેળવ્યા બાદ દર્દી પાસે નહીં ચૂકવાયેલ બાકી રકમ હોય.

વધુમાં, ગૃહિત યોગ્યતામાં એક દર્દીની અથવા દર્દીની બાંયધરી  આપનારની ચુકવણી કરવાની ક્ષમતા અંગે માહિતી પૂરી પાડી શકે તેવા જાહેર રીતે ઉપલબ્ધ માહિતીના બાહ્ય સ્ત્રોતો(જેમ કે, ક્રેડિટ સ્કોરિંગ) ના ઉપયોગનો સમાવેશ થઈ શકે છે. એક વખત નક્કી થઈ ગયા બાદ, ગૃહિત સંજોગોની અંતરંગ પ્રકૃતિને લીધે, એ દર્દી તેના ખાતાની બાકી રહેતી 100% રકમની માંડવાળ માટે યોગ્ય હોઈ શકે છે. જો દર્દીને ગૃહિત રીતે ઉપલબ્ધ સૌથી ઉદાર સહાય થી ઓછી સહાય મેળવવાને યોગ્ય માનવામાં આવેલ હોય, તો સૅંટ લ્યૂક્સ યુનિવર્સિટી હેલ્થ નેટવર્ક -Warren કેમ્પસ એ વ્યક્તિને PLS પૂરું પાડશે જે ગૃહિત યોગ્યતા નક્કી કરવા માટેના આધાર અંગે સૂચના આપવામાં સહાય કરશે.  સૅંટ લ્યૂક્સ યુનિવર્સિટી હેલ્થ નેટવર્ક - Warren કેમ્પસ, વ્યક્તિની સામે સંભાળની વળતર અપાયેલી રકમની સામે ECAs શરૂ કરતા પહેલાં એ વ્યક્તિને વધુ ઉદાર સહાય મેળવવા માટેની અરજી કરવા માટે એક વાજબી સમય પણ પૂરો પાડશે

**G.** <u>બહોળા પ્રમાણમાં જાહેરાત કરતાં:</u>

સૅંટ લ્યૂક્સ યુનિવર્સિટી હેલ્થ નેટવર્ક - Warren કેમ્પસની FAP અરજી અને PLS અંગ્રેજીમાં અને અંગ્રેજી પર મર્યાદિત પ્રભુત્વ("LEP") ધરાવતી  વસ્તીની પ્રાથમિક ભાષામાં ઉપલબ્ધ છે, આવા લોકોમાં 1,000 થી ઓછાં લોકોનો અથવા સૅંટ લ્યૂક્સના પ્રાથમિક સેવા ક્ષેત્રના સમુદાયના 5% વ્યક્તિઓનો સમાવેશ થાય છે. અમારા દર્દીઓના લાભાર્થે FAP, અરજી અને PLS એ બધું જ ઑન-લાઇન આ વેબસાઇટ પર ઉપલબ્ધ છે: https://www.sluhn.org. વિનંતી કરવાથી FAP, અરજી અને PLSની કાગળ પર નકલોને કોઈપણ નાણાં લીધા વિના ટપાલ દ્વારા મોકલવામાં આવશે અને તેઓ હૉસ્પિટલની સુવિધાના રજીસ્ટ્રેશન વિસ્તાર કે જેમાં કટોકટીની સારવારના રૂમ, દાખલ કરવાના અને રજીસ્ટ્રેશન વિભાગમાં, હૉસ્પિટલ પર સ્થિત દવાખાના, અને દર્દી માટેની આર્થિક સેવાઓના વિભાગ પર ઉપલબ્ધ છે.

બધાં જ દર્દીઓને દાખલ કરવાની/રજા આપવાની પ્રક્રિયાના ભાગરૂપે PLSની એક નકલ પૂરી પાડવામાં આવશે. સંકેતો અથવા પ્રદર્શિત કરતાં (બોર્ડ,પોસ્ટર વગેરે) નજરે ચડે એ રીતે જાહેર હૉસ્પિટલના સ્થળો જેમાં કટોકટી સારવાર વિભાગ અને દાખલ કરવાના/રજીસ્ટ્રેશનના વિભાગોનો સમાવેશ થાય છે ત્યાં દર્શાવવામાં આવશે જેનાથી દર્દીઓને આર્થિક સહાય ઉપલબ્ધ હોવા અંગે સૂચના અને માહિતી મળી શકશે.

સૅંટ લ્યૂક્સ યુનિવર્સિટી હેલ્થ નેટવર્ક - Warren કેમ્પસ તેના સંદેશા-વ્યવહાર વિભાગ દ્વારા સમુદાયના સભ્યોને આર્થિક સહાય ઉપલબ્ધ હોવા અંગેની માહિતી આપવા અંગે પણ વાજબી પ્રયત્નો કરશે.

દર્દીને આર્થિક સહાય માટે મોકલવાનું કાર્ય હૉસ્પિટલના કર્મચારીગણના સભ્ય અથવા તબીબી કર્મચારીગણના સભ્ય દ્વારા પણ થઈ શકે છે જેમાં ફિઝિશિયન, નર્સ, ફાઇનૅન્શલ કાઉન્સેલર્સ, સામાજીક કાર્યકરો, કેસ સંચાલકો, પાદરીઓ અને ધાર્મિક પ્રાયોજકોનો સમાવેશ થાય છે.

## H. બિલિંગ અને વસૂલાત:

સેંટ લ્યૂક્સ યુનિવર્સિટી હેલ્થ નેટવર્ક - Warren કેમ્પસના સંચાલક મંડળે આંતરીક અને બાહ્ય વસૂલાતની પ્રણાલી માટે એવી નીતિઓ અને પ્રક્રિયાઓ વિકસાવવી જોઈએ જેમાં એ દર્દી કેટલી હદ સુધી આર્થિક સહાયને યોગ્ય છે તેને, દર્દીનો સેંટ લ્યૂક્સ યુનિવર્સિટી હેલ્થ નેટવર્ક - Warren કેમ્પસમાંથી સરકારના એક આર્થિક સહાય અંગેના કાર્યક્રમમાં અરજી કરવાના પ્રયત્ન અને ઉદ્દેશની પ્રામાણિકતા, અને દર્દી દ્વારા તેના અથવા તેણીના સેંટ લ્યૂક્સ સાથેના ચુકવણી અંગેના કરારનું પાલન કરવા માટેના પ્રયત્નો અને ઉદ્દેશની પ્રામાણિકતાને ધ્યાનમાં લેવા જોઈએ.

સેંટ લ્યૂક્સ યુનિવર્સિટી હેલ્થ નેટવર્ક - Warren કેમ્પસ જે દર્દીઓ તેમના હૉસ્પિટલના બિલનો ઉકેલ લાવવા માટે ઉદ્દેશની પ્રામાણિકતા સાથે સહકાર આપી રહ્યા હોય તેમને ચુકવણી માટેની વિસ્તૃત યોજના પૂરી પાડી શકે છે.

સેંટ લ્યૂક્સ યુનિવર્સિટી હેલ્થ નેટવર્ક - Warren કેમ્પસ એવી કોઈપણ ક્રિયામાં સંલગ્ન થશે નહીં જેનાથી વ્યક્તિઓ કટોકટીની સારવાર મેળવવામાં હતોત્સાહ થાય, જેમ કે કટોકટીની સારવારની જરૂર હોય તેવી તબીબી સ્થિતિમાં સારવાર શરૂ કરતાં પહેલાં તેમની પાસેથી કટોકટીની સારવાર વિભાગ દ્વારા ચુકવણી કરવાની માંગ કરવી અથવા બાકી ચુકવણીની વસૂલાતની ક્રિયાઓની કટોકટી સારવાર વિભાગમાં અથવા એવા વિસ્તારો જ્યાં આવી પ્રવૃત્તિઓ દ્વારા ભેદભાવ વિના કટોકટીની સારવારની સંભાળ આપવામાં ખલેલ પહોંચી શકે તેમ હોય ત્યાં મંજૂરી આપવી.

## I. ઇન્ટર્નલ રેવન્યુ સર્વિસ કોડની કલમ 501(r)(6):

સેંટ લ્યૂક્સ યુનિવર્સિટી હેલ્થ નેટવર્ક - Warren કેમ્પસ "નોટિફિકેશનના સમયગાળા" ની સમાપ્તિ પહેલાં જેની ઇન્ટર્નલ રેવન્યુ સર્વિસ કોડની કલમ 501(r)(6) માં વ્યાખ્યા આપવામાં આવેલી છે તેવા કોઈપણ ECAs ની સાથે સંકળાશે નહીં. નોટિફિકેશનના સમયગાળાની

વ્યાખ્યા 120-દિવસ અથવા વધુ દિવસના સમયગાળા તરીકે આપવામાં આવેલ છે, જેની શરૂઆત રજા લીધા બાદ આપવામાં આવતા 1લા બિલિંગ સ્ટેટમેન્ટની તારીખથી થશે, જેમાં એ દર્દીની સામે કોઈપણ ECAs ને શરૂ કરવામાં આવશે નહીં.

નોટિફિકેશનનો સમયગાળો પૂરો થઈ ગયા બાદ જો FAP-યોગ્યતા નક્કી થયેલી હોય નહીં અથવા જો એક વ્યક્તિ આર્થિક સહાય મેળવવાને યોગ્ય હોય નહીં તો દર્દીની સામે તેમની નહીં ચૂકવાયેલી બાકી રકમ માટે સેંટ લ્યૂક્સ યુનિવર્સિટી હેલ્થ નેટવર્ક - Warren કેમ્પસ અથવા તેના વતી કાર્ય કરતાં કોઈપણ ત્રીજા પક્ષકારો નીચે મુજબના ECAs શરૂ કરી શકે છે. સેંટ લ્યૂક્સ યુનિવર્સિટી હેલ્થ નેટવર્ક - Warren કેમ્પસ નોટિફિકેશનના સમયગાળા બાદ ત્રીજા પક્ષોને એ વ્યક્તિના અપરાધી હિસાબ અંગેની પ્રતિકૂળ માહિતી ઉપભોક્તાની શાખનો અહેવાલ આપતી એજન્સીઓને અથવા ક્રેડિટ બ્યુરોને આપવા માટે અધિકૃત કરી શકે છે. તેઓ સુનિશ્ચિત કરશે કે એક વ્યક્તિ આ FAP હેઠળ આર્થિક સહાય મેળવવા માટે યોગ્ય  છે કે નહીં તે નક્કી કરવા માટે વાજબી પ્રયત્નો કરવામાં આવેલા છે અને કોઈપણ ECAની શરૂઆત કરવાના ઓછામાં ઓછા 30 દિવસ પહેલાં નીચે મુજબના પગલાં લેશે:

1. દર્દીને લેખિત સૂચના આપવામાં આવશે જે:
   a) સૂચવે છે કે યોગ્ય દર્દીઓ માટે આર્થિક સહાય ઉપલબ્ધ છે;
   b) સેંટ લ્યૂક્સ યુનિવર્સિટી હેલ્થ નેટવર્ક - Warren કેમ્પસ એ સંભાળ માટેની ચુકવણી મેળવવા માટે જે ECAs શરૂ કરવા માંગે છે તેને ઓળખી કાઢશે; અને
   c) એક અંતિમ તારીખ જે વિતી ગયા બાદ ECAs શરૂ કરવામાં આવશે તેના વિશે કહેશે.
2. આવું લખેલું હોય તે PLS દર્દીએ મેળવેલ છે; અને
3. વ્યક્તિને FAP અંગે અને એ આર્થિક સહાય મેળવવા માટેની અરજીની જે પ્રક્રિયા હોય તે અંગે મૌખિક રીતે જાણ કરવાના વાજબી પ્રયત્નો કરવામાં આવેલ છે.

સેંટ લ્યૂક્સ યુનિવર્સિટી હેલ્થ નેટવર્ક - Warren કેમ્પસ "અરજીના સમયગાળા" દરમિયાન આ FAP હેઠળ ઉપલબ્ધ આર્થિક સહાય માટે સુપ્રત કરવામાં આવેલી અરજીનો સ્વીકાર કરીને તેના પર પ્રક્રિયા કરશે. જ્યારે સંભાળ આપવાની શરૂઆત થયેલી હોય એ તારીખથી એ અરજીનો સમયગાળો શરૂ થાય છે અને રજા આપ્યા બાદ આપવામાં આવેલ પ્રથમ બિલિંગ સ્ટેટમેન્ટની તારીખથી 240 દિવસો બાદ પૂરો થાય છે.

**J.** <u>નિયમનકારી જરૂરિયાતો:</u>

આ FAPનો અમલ કરવામાં, સૅંટ લ્યૂક્સ યુનિવર્સિટી હેલ્થ નેટવર્ક - Warren કેમ્પસના સંચાલક મંડળ દ્વારા હાથ ધરવામાં આવતી પ્રવૃત્તિઓને લાગુ પડી શકતાં હોય એવા બાકી બધાં જ સમવાયી, રાજ્યના અને સ્થાનિક કાયદા અને નિયમોનું પાલન કરવાનું રહેશે.

**IV.** જોડાણો:

એપેન્ડિક્સ એ - પ્રદાતાની યાદી
એપેન્ડિક્સ બી - સમવાયી ગરીબી સ્તર
એપેન્ડિક્સ સી - અરજી
એપેન્ડિક્સ ડી - સૂચના

**V.** સંદર્ભો:

લાગુ નહીં

**VI.** પૉલીસીની જવાબદારી:

| | | |
|---|---|---|
| Warren | વીપી કોર્પોરેટ રેવન્યુ સાયકલ | મુખ્ય બનાવનાર |

**VII.** ડિસક્લેમર નિવેદન:

આ પૉલીસી અને પ્રક્રિયા કાયદેસરની જરૂરિયાતો અને/અથવા કાર્યાત્મક ધોરણોના પાલન માટેની ક્રિયાવિધિનું વર્ણન પૂરૂં પાડવાનો હેતુ ધરાવે છે. એવા કોઇ ચોક્કસ સંજોગો હોઈ શકે જેનું આ પૉલીસી અને પ્રક્રિયા દ્વારા ચિંતન થયું હોય નહીં અને જેના દ્વારા પાલન કરવું કાંતો અસ્પષ્ટ બને અથવા અયોગ્ય બને. આવા સંજોગોમાં સલાહ માટે, તમારા ચેઇન ઑફ કમાન્ડ, એડમિનિસ્ટ્રેટર ઑન કૉલ, ક્લિનિકલ રિસ્ક મેનેજમેન્ટ, લીગલ સર્વિસિઝ, એક્રેડિટેશન એન્ડ સ્ટાન્ડર્ડ્સ, અથવા કમ્પ્લાયન્સ ઑફિસર, જે યોગ્ય હોય તેમની સાથે પરામર્શ કરવો.

**VIII.** મંજૂરી:

વાર્ષિક ધોરણે વીપી કોર્પોરેટ રેવન્યુ સાયકલ